ગાંધીનગર સમાચાર
તા. ૨૬-૬-૨૦૧૩, બુધવાર

## તંત્રી સ્થાનેથી.....

# કાશ્મીર બચાવવું હોય તો લશ્કરને છૂટો દોર આપવો જ રહ્યો

કાશ્મીર ખીણને જમ્મુ સાથે જોડતી ૧૧ કિ.મી. લાંબી રેલવે ટનલનું ઉદ્‌ઘાટન કરવા માટે વડાપ્રધાન ડો. મનમોહનસિંહ અને યુપીએ ચેરપર્સન સોનિયા ગાંધીના આગમનની પૂર્વસંધ્યાએ કાશ્મીરમાં ત્રાસવાદીઓએ બારામુલ્લા ખાતે ઓચિંતો હુમલો કરી લશ્કરના કાફલાને જ નિશાન બનાવી પોતાના અસ્તિત્વની બુલંદીનો પરચો બતાવ્યો છે. આપણા નેતાઓ ભલે એને કાયરતાપૂર્ણ ઘટના જણાવી જવોનોની શહીદી પર આંસુ સારતા ફરે, પરંતુ એથી જે કમનસીબી બનાવ બનવા પામ્યો છે એના ઘા રૂઝાવવાના નથી. આ ત્રાસવાદી હુમલો પૂરી ચોકસાઈથી કરવામાં આવ્યો છે અને વળી તે સીધો જ સશસ્ત્ર લશ્કરી જવાનો પર કરાયો છે. આવો હુમલો થી શકે છે તે આપણા જાસૂસી તંત્રની ક્ષમતા સામે પ્રશ્નાર્થ ચિહ્ન બની રહે છે. વળી હુમલામાં આઠ જવાનોના જીવ ગયા છે અને ઓગણીસ જેટલા ઘાયલ થયા છે. છેલ્લા ત્રણ દિવસોમાં આ બીજો હુમલો છે, એનો મતલબ કે લશ્કર પોતે એટલા પ્રમાણમાં લચર વર્તણૂક કરે છે. એને પોતાની જ સુરક્ષાની પૂર્વ તૈયારીમાં મુશ્કેલી પડે છે. અહીં બીજું એક વ્યવધાન નડે છે તે લશ્કર ઉપર થોપાયેલાં સરકારી બંધનોની રામાયણ છે. લશ્કરને લશ્કરની રીતે કામ કરવાની છૂટ અપાઈ હોત તો કદાચ જવાનોનો જુસ્સો જુદો જ રંગ લાવ્યો હોત. કયારેક માનવ અધિકારના મુદ્દે તો કયારેક કાશ્મીરના શેખ પરિવારની શેહ પર કેન્દ્ર સરકાર લશ્કરના હાથ બંધાયેલા રહે એવા ફતવા બહાર પાડતી રહી છે. કાશ્મીરની પ્રજા માટે તો આગળ કૂવો ને પાછળ ખાઈ જેવી દયનીય સ્થિતિ સરજાતી રહી છે. અલગતાવાદી પરિબળો કાશ્મીરની  પ્રજાના નામે જ વાતો કરતાં હોય છે. એમનો વધુ સંબંધ પાડોશી પાકિસ્તાનમાં ભળી ગયેલા આઝાદ કાશ્મીર સાથે છે. જમ્મુ વિસ્તારને એ ભારતનો ભાગ ગણવા તૈયાર છે પણ કાશ્મીરની ખીણ માટે તેઓ મુકમ્મલ આઝાદી જ માગતા રહ્યા છે. યાસીન મલેક જેવા નેતાઓ અફઝલ ગુરુની ફાંસી વિરુદ્ધ પાકિસ્તાનમાં જઈને ભારત વિરુદ્ધ ઉપવાસ કરી શકે છે, જેનું સમર્થન કરવા મુંબઈ હુમલાના મુખ્ય ગુનેગાર હાફિઝ સઈદ જેવા કટ્ટરપંથી આતંકવાદીઓ ખભેખભા મિલાવી મંચ પર હાજરી પુરાવે છે. હિંદુસ્તાનની ઉદારમતવાદી સરકાર આવાં તત્વો સામે કોઈ કઠોર કાર્યવાહી નથી કરી શકતી. સૈયદ ગિલાની જેવા અલગતાવાદી નેતાને રાષ્ટ્રીય નેતાઓ રેલવે ટનલના ઉદ્‌ઘાટન જેવા પ્રજાલક્ષી કામનું નિમિત્ત બનાવીને પણ કાશ્મીર બંધનું એલાન આપીને એમની હિંદુસ્તાન સરકાર સામેની નારાજગી સ્પષ્ટ કરી દીધી છે. આવાં માથાભારે તત્ત્વોએ બાન પકડેલી પ્રવાસન ઉદ્યોગ પર નભતી ગરીબ પ્રજા રાવ કરે તોય કોની સામે?લલ્લેશ્વરી અને મહજૂર જેવા કવિઓની ભોમકા એવું 'પૃથ્વી ઉપરનું સ્વર્ગ' કાશ્મીર એ ભારતનું શિર કહેતાં માથું પણ છે અને માથાનો દુખાવો પણ છે. માથું સલામત રાખવાની પળોજણમાં દેશ અત્યાર સુધી અબજો રૂપિયાનું આંધણ કરી ચૂક્યો છે છતાં આખરે પરિસ્થિતિતો બદથી બદતર જ થતી રહી છે. આંતરરાષ્ટ્રીય સ્તરે કાશ્મીર એ વિશ્વની શિરોવેદના છે. અમેરિકા જેવી મહાસત્તા એટલું તો સમજે જ છે કે કયારેક કાશ્મીર મુદ્દે જ બે પાડોશી રાષ્ટ્રો વચ્ચે ભડકો થશે જે ભીષણ અણુયુદ્ધમાં પરિણમી શકે છે. તેથી અવારનવાર બેઉ રાષ્ટ્રોને સંપીને રહેવાની અને એકબીજા સાથે વ્યાપારી સંબંધો વિસ્તારવાળી સલાહ પણ અમેરિકાના નેતૃત્વ તરફથી અપાતી રહી છે. તાજેતરમાં આવી જ સોનાના વરખમાં વીંટાળેલી સલાહ અમેરિકાના વિદેશમંત્રી જોન કેરીએ આપી છે.

# સરકારી પ્રાથમિક શાળા સે-૨૪નો શાળા પ્રવોશોત્સવ ઉજવાયો

## નવોદિત ૪૦ બાળકોને શૈક્ષણિક કીટનું વિતરણ

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગરના સેકટર-૨૪માં આવેલી સરકારી પ્રાથમિક શાળામાં પ્રવેશ મેળવતા ૪૦ બાળકોને કુમકુમ તિલક કરી પુસ્તકો, સ્લેટ, રમકડાં વગેરે આપી પ્રવેશોત્સવ મનાવવામાં આવ્યો હતો. ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમના ચેરમેન ઝવેરભાઈ ચાવડાએ આ પ્રસંગે શિક્ષણની જરૂરીયાત ઉપર ભાર મૂકી ગુજરાતના ઉજ્જવળ ભાવિને કલપ્યો હતો. આ પ્રસંગે વૃક્ષારોપણ પણ કરવામાં આવ્યું હતું.

સ્ટેન્ડીંગ કમિટિના ચેરમેન આશિષભાઈ દવે, મેયર મહેન્દ્રસિંહ રાણા, ગુજરાત અનુ.જાતિ વિકાસ કોર્પોરેશનના ચેરમેન અને પૂર્વ કલેકટર ઝવેરભાઈ ચાવડા, ગાંધીનગરના ધારાસભ્ય અશોકભાઈ પટેલની ઉપસ્થિતિમાં સેકટર-૨૪ની સરકારી પ્રાથમિક શાળાના નવોદિત ૪૦ બાળકોને ધોરણ-૧માં કંકુ-તિલક કરી પ્રવેશ આપવામાં આવ્યો હતો. બાળકોને પુસ્તકો, સ્લેટ, પાટી, રમકડાંપણ આપ્યા સાથે મ્યુનિસિપલ કાઉન્સિલરો, સર્વે સુરેશભાઈ મહેતા, સંદિપ જ્યોતિકર, ગોવિંદભાઈ પરમાર, દર્શનાબેન અડાલજા, ડૉ. કાપડીયા, ડૉ. સુતરીયા, વોર્ડના પ્રમુખ કેતનભાઈ, અનુ.જાતિ મોરચાના પ્રમુખ ડૉ. અન્જાન, સી.ટી. એન્જિનીયર ડામોર, ગુજરાત સામાજિક ન્યાય સંગઠનના મંત્રી કે.આઈ. પટેલ, આચાર્ય દમયંતીબેન મકવાણા, શાળા પરિવાર, વી ઈલેવન પ્રમુખ ગોવિંદભાઈ પરમાર, સીનીયર સીટીજન્સ, સોમભાઈ પરમાર તથા સેકટર-૨૪ વસાહતી ભાઈ-બહેનોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ સફળ બનાવ્યો હતો.

સમારંભના અધ્યક્ષ આશિષભાઈ દવેએ પ્રાસંગિક પ્રવચનમાં શિક્ષણક્ષેત્રે બાળકો સારી પ્રગતિ કરે, જોઈતા સાધનો મહાનગરપાલિકાની ગ્રાન્ટમાંથી પણ પુરા પાડવા અનુરોધ કર્યો અને શિક્ષણગણ સારી રીતે શિક્ષણ આપે અને તેની સંપૂર્ણ કાળજી રાખે તે પર ભાર મૂક્યો હતો.

# ગાંધીનગર પ્રેરણા વિદ્યાલયનું ગૌરવ



ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર શહેરના સે-૫-એ ખાતે આવેલી પ્રેરણા વિદ્યાલયમાં અભ્યાસ કરતા ધો-૧૦ એ ધો-૧૨ના વિદ્યાર્થીઓએ માર્ચ ૨૦૧૩માં લેવાયેલી બોર્ડની પરીક્ષામાં ઉત્તીર્ણ થઈ શાળાનું ગૌરવ વધાર્યું છે.

શાળાના એસ.એસ.સી. બોર્ડના અલ્તમશ અજમેરીએ ૮૯ ટકા સાથે શાળામાં પ્રથમ, આરતી ગોંડલીયાએ ૮૮ ટકા સાથે દ્વિતીય અને જાનકી ચાવડા તથા કલ્પેશ પટેલે ૮૩ ટકા સાથે તૃતીય નંબર મેળવ્યો છે. શાળાના ધોરણ-૧૨ની તેજસ્વી વાઘેલાએ ૭૮ ટકા સાથે પ્રથણ, ઘનશ્યામ માંડલિયાએ ૭૨ ટકા સાથે દ્વિતીય અને સોનલ પ્રસાદે ૭૦ ટકા સાથે તૃતીય નંબર મેળવ્યો છે. ધો-૧૦ અને ધો-૧૨માં ઉત્તીર્ણ થયેલા તમામ વિદ્યાર્થીઓને શાળાના ટ્રસ્ટી પ્રદિપસિંહ બિહોલા અને આચાર્યા સ્વાતિબા રાઓલે શાળા પરિવાર તરફથી અભિનંદન પાઠવ્યા છે.

# શાળા સંચાલકો, આચાર્ય અને શિક્ષકોના હવે ખુલાસા પુછાશે

અમદાવાદ, તા.૨૫

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ ૨૦૧૩માં લેવાયેલ ધોરણ ૧૦ અને ૧૨નું પરીણામ જાહેર થઈ ચૂક્યું છે. ધોરણ ૧૦ અને ૧૨ વિજ્ઞાન પ્રવાહ તેમજ સામાન્ય પ્રવાહમાં નબળુ પરીણામ ધરાવતી શાળાઓની સંખ્યા વધી છે. જેના પગલે ૩૦ ટકાથી ઓછું પરીણામ લાવનાર શાળાઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવનાર હોવાનું જાણવા મળ્યું છે. પ્રાપ્ત થતી માહિતી મુજબ ધોરણ ૧૦ અને ૧૨ વિજ્ઞાન પ્રવાહ તેમજ સામાન્ય પ્રવાહની પરીક્ષામાં સતત નબળુ પરીણામ લાવી રહેલ શાળાઓ સામે શિક્ષણ બોર્ડ દ્વારા લાલ આંખ કરવામાં આવી છે. શિક્ષણ બોર્ડ દ્વારા રાજ્યમાં શિક્ષણનું સ્તર ઉંચી લઈ જવા માટે સતત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે ત્યારે નબળુ પરીણામ આવતી શાળાઓ સામે કડક કાર્યવાહી થાય તેમ છે જે અંતર્ગત બોર્ડની પરીક્ષામાં ૩૦ ટકા કરતા નીચું પરીણામ લાવતી શાળાઓના શિક્ષકોને દોડતા કરી દેવામાં આવશે. અને જરૂર જણાય તો તેમને મળતા લાભો પણ અટકાવી દેવા સુધીના પગાલ લેવાશે. બોર્ડના આ પગલાની શિક્ષણ જગતમાં લાંબા સમયથી માંગ કરવામાં આવી રહી હતી કેમ કે રાજ્યની કેટલીક શાળાઓના પરીણામ સતત બે વર્ષથી નબળા આવી રહ્યા છે. શિક્ષકો વિદ્યાર્થીઓનું વધુ સારી રીતે ભણાવી શકે તે માટે સરકાર દ્વારા તેઓને તાલીમ આપવા માટે રિફ્રેશર કોર્સ ચલાવવામાં આવે છે. માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આ સંદર્ભે શાળા સંચાલકો, આચાર્યો અને શિક્ષકોના ખુલાસા માંગવામાં આવ્યા છે.

# ઉદયપુરમાં ડૉ. કેશુભાઈ દેસાઈએ 'મીરાં સમારોહ' પ્રસંગે બીજ વકતવ્ય આપ્યું

ગાંધીનગર, તા. ૨૫

રાજસ્થાન સાહિત્ય અકાદમી દ્વારા ઉદયપુર ખાતે આયોજિત 'મીરાં સમારોહ'ના વિશિષ્ટ અતિથિ તરીકે સુપ્રસિદ્ધ ગુજરાતી સાહિત્યકાર ડૉ. કેશુભાઈ દેસાઈએ સમારોહનું બીજવકતવ્ય આપતાં જણાવ્યું હતું કે, મીરાંબાઈ એ આપણી રાષ્ટ્રીય ધરોહર છે. મીરાંએ એ સામંતયુગમાં વિદ્રોહી નારી તરીકે રાજસત્તા સામે બળવો કરીને વિધવા થયા પછી પણ સતી નહીં થવાનું પસંદ કર્યું હતું અને



પોતે શ્રીકૃષ્ણને વરી ચૂકી હોઈ અખંડ સૌભાગ્યવતી હોવાની જાહેરાત કરી હતી. રૈદાસને ગુરુ બનાવીને મીરાંબાઈએ ગાંધીજી કરતાં સેંકડો વર્ષ અગાઉ અસ્પૃશ્યતા નિવારણની ઝુંબેશ શરૂ કરી હતી.

સમારોહમાં રાજસ્થાનના જાણીતા વાર્તાકાર ભવાનીસિંહને અકાદમીનો સર્વોચ્ચ મીરાં પુરસ્કાર એનાયત કરાયો હતો. તદુપરાંત આઠ વરિષ્ઠ સર્જકોને વિશિષ્ટ સાહિત્યકાર સમ્માન દ્વારા અને અઢાર સર્જકોને વિવિધ અકાદમી પુરસ્કારોથી નવાજવામાં આવ્યા હતા. સમારોહનું અધ્યક્ષપદ અકાદમીના અધ્યક્ષ વેદ વ્યાસે સંભાળ્યું હતું. મુખ્ય મહેમાન પદે વરિષ્ઠ હિંદી કવિ બાલકવિ બૈરાગી ઉપસ્થિત રહ્યા હતા અને વિશિષ્ટ અતિથિ પદે ડૉ. પ્રભાકર શ્રોત્રિય પધાર્યા હતા. રાજસ્થાન સાહિત્ય અકાદમીના ઉપાધ્યક્ષ આબિત અદીબે આભાર દર્શન કર્યું હતું.

## RAPE - O - RATE



સાહેબ અત્રે અમે આટલી આટલી ઉંમરની સ્ત્રીઓ પર રેપનું જોખમ છે તેવું રીસર્ચ બાદ તારણ કાઢયું છે.

# ડિપ્લોમા અભ્યાસક્રમ જોગ

ગાંધીનગર, તા. ૨૫

ધોરણ-૧૦ની પરીક્ષા ૨૦૧૩માં પાસ કરેલ ઉમેદવારો કે જેઓએ બોર્ડમાં નામ સુધારણા કે રજિસ્ટ્રેશન કરવા જણાવવામાં આવે છે. તેમજ બોર્ડમાંથી સુધારેલ માર્કશીટ મળ્યે નજીકના હેલ્પ સેન્ટર ખાતે જઈ એડીટ ફોર્મ ભરી તા. ૨૯મી જૂન સુધી જરૂરી સુધારા કરવા જણાવવામાં આવે છે.

જે ઉમેદવારો ધોરણ-૧૦ની માર્ચ ૨૦૧૩ની પરીક્ષામાં નાપાસ જાહેર થયેલ છે અને બોર્ડમાં ગુણ ચકાસણીની અરજી કરેલ છે. તેવા ઉમેદવારો જયારે બોર્ડ દ્વારા પાસ જાહેર થાય તે તારીખથી ૭ દિવસમાં એ સી.પી.ડી.સી. ખાતે માર્કશીટ સાથે હાજર થઈ રજીસ્ટ્રેશન કરાવવા માટે પ્રવેશ નિયમ ૧૧ મુજબ કાર્યવાહી કરવાની રહેશે.

પંજાબ નેશનલ બેંકની વિવિધ શાખાઓમાંથી કુલ ૯૫૮૧૪ પીનનું વેચાણ થયેલ છે. ૮૫૮૪૧ વિદ્યાર્થીઓએ રજીસ્ટ્રેશન કરાવેલ છે.

# સોજા હાઈસ્કૂલના ઉપક્રમે કપડાં વિતરણ કાર્યક્રમ યોજાયો




કલોલ તાલુકાના સોજા ગામની -તિષ્ઠિત સંસ્થા શેઠ એચ. એમ. સાર્વજનિક હાઈસ્કૂલના -ાંગણમાં આર્થિક રીતે પછાત-ગરીબ પરિવારના જરૂરિયાતમંદ બાળકોને ઉચ્ચ-ગુણવત્તાયુક્ત નવાં કપડાંનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવ્યું હતું. કલોલની 'મહિલા ઉત્કર્ષ મંડળ' સંસ્થાના ઉપક્રમે આયોજીત સદર કાર્યક્રમમાં સંસ્થાના -મુખ-ટ્રસ્ટી અને કલોલ નગરપાલિકાના ભૂતપૂર્વ -મુખશ્રી ભાનુબેન દોશી સવિશેષ ઉપસ્થિત રહ્યાં હતાં. સમાજના વિવિધ જ્ઞાતિ-વર્ગના આર્થિક રીતે નબળાં લોકોને મદદરૂપ થવાની ઉન્નત ભાવનાથી અભિ-રિત સદર કાર્યક્રમમાં ૧૩૦ અધ્યેતા ભાઈ-બહેનોએ વસ્ત્રદાનનો લાભ લીધો હતો. સોજા કેળવણી મંડળના સક્રિય સદસ્યશ્રી બળદેવજી ચૌહાણ, કલોલ તાલુકા પંચાયતના માજી સદસ્યશ્રી કિરીટભાઈ પટેલ અને શાળાના ઉત્સાહી આચાર્યશ્રી ભાવેશભાઈના વરદ હસ્તે બાળકોને કપડાં અર્પણ કરવામાં આવ્યા હતા.

# એસ.એસ. પટેલ બી.એડ કોલેજમાં સોલો સોંગ સ્પર્ધા યોજાઈ

ફેકલ્ટી ઓફ એજયુકેશનની એસ.એસ. પટેલ કોલેજ ઓફ એજયુકેશન અને આર.એચ. પટેલ ઈંગ્લીશ મીડિયમ બી.એડ.કોલેજમાં તાલીમાર્થીઓને ગીત અને સંગીતનું મહત્વ સમજાય તે હેતુથી સોલો સોંગ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

સદર કાર્યક્રમમાં બંને કોલેજોના તાલીમાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લઈ વાતાવરણને સંગીતમય બનાવી દીધું હતું. નિર્ણાયક તરીકે પ્રા. નરેન્દ્રભાઈ નાયી, પ્રા. મતંગ ગોસ્વામી, ડૉ. રાજેશ શર્મા અને સુપ્રિયા બેનરજી ઉપસ્થિત રહ્યા હતાં. આ સપર્ધામાં એસ.એસ. પટેલ કોલેજ ઓફ એજયુકેશનમાં પ્રથમ સ્થાને અંકિતા ગઢવી, દ્વિતીય સ્થાને ઝાલા છાયા રહી હતી જયારે આર.એચ. પટેલ ઈંગ્લીશ મીડિયમ બી.એ. કોલેજમાં પ્રથમ સ્થાને હિના શુકલ અને દ્વિતીય સ્થાને રુચી ત્રિવેદી રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું આયોજન પ્રા. કેવના ત્રિવેદી અને પ્રા. વિભા દ્વિવેદી દ્વારા કરવામાં આવ્યું હતું.

# 'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા'ની કરીએ સીધી ઉજાણી

## ચિંતન સભા

- પ્રા. ડૉ. રાકેશ પટેલ

"તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા" અગિયારસો એપીસોડ પૂર્ણ કરનાર (માર્ચ ૨૦૧૩ સુધી) એક માત્ર 'સીટકોમ' ભારતીય સિરિયલ છે. ગુજરાતી કલ્ચરને ઘરે ઘરે પહોંચાડનાર આ સિરિયલ સદાબહાર ભારતીય એકતાને અલગ અંદાજમાં રજૂ કરી પેટ ઉપર હાથ રાખવામાં સફળ થઇ છે. સિરિયલના અને 'ઉલ્ટા' હિમ્મતવાન પ્રોડ્યુસર અસીત કુમાર મોદીને "ગાંધીનગર સમાચાર" નમસ્કારયુક્ત સલામ કરે છે.

સિરિયલના પાત્રો ભારતના મોટા ભાગનાં રાજયોમાંથી આવીને પ્રતિનિધિઓને એક સોસાયટીમાં ઉતરી આવેલ લાગે છે. શૈલેષ લોઢા તારક મહેતાના પાત્રને યોગ્ય ન્યાલ કરી દીધું છે. સમાજ સજીવની તડકી - છાંયડીને ટીવીના માધ્યમથી રજૂ કરનાર તારક મહેતા હાસ્યની છોળો ઉડાવનાર ગંભીર પ્રકૃતિનો મોજીલો માણહ છે. જેઠાલાલ જેઠ મહિનાનાં વરસાદ જેવા ગણી શકાય. એ વરસી પડે અને કાં તો અટકી પડે. જેઠાલાલની પૂરી શક્તિ તેમની મૂછોની લંબાઇમાં સમાઇ જાય છે. દયાની અદા દયા આવે તેવી જરાય નથી. તેની વાણીમાં ભોળપણ ભલે રહ્યું પણ સચ્ચાઇની મધુરતા તો માણવા જેવી છે.

દયાના અવાજમાં રહેલ આત્મા જૂની રંગભૂમિના કલાકારનો છે, જે રંગમંચ ઉપર મોટા અવાજે બોલી-બોલીને ખોખરા અવાજની માલિક બની ગયેલ લાગે છે. (આ બટાકાનો શું ભાવ છે?) દયા અંગત વાતને પણ આસાનીથી જાહેરમાં કરી શકે છે. કોઇ પણ સ્થિતિની મજા લેવી અને આવેલ તકલીફને સામુહિક રીતે પાછે હટાવવી એ ગોકુલધામ સોસાયટીને મુદ્રાલેખ છે. ગોકુલ શબ્દ ગોલોક શબ્દની બરાબરીનો છે. ગોલોક એટલે પૃથ્વીલોક. આ સોસાયટી સાચા અર્થમાં ભારતની 'વિવિધતામાં એકતા'ની ભાવનાનો લાડ લડાવે છે.

કહેવાય છે કે ઘણાં ફિલ્મી કલાકારોને હાસ્ય માફક નથી આવતું. એમને કહો કે ફિલ્મોમાં એકલા હાથે એકને ધીબી નાખવાનાં છે, તો મેક-અપ ઉતાર્યા વગર કામ કરી બતાવે, હાસ્યને સમજવામાં 'જાત સાથેની વફાદારી' હોવી જોઇએ. અને હાસ્યને જન્મ આપવા માટે ઉદાર દિલ, આત્મવિશ્વાસ અને સમયસૂચકતાના બાણ મારવાની આવડત હોવી જોઇએ.

વ્યષ્ટીથી શરૂ થતી વાત સમષ્ટી સુધી ન વિસ્તરે તો તો એક દેકારો માત્ર બની જાય છે. તારક મહેતા... માં આવતાં



વિષયો અને ઘટનાઓ સમાજમાં એવા લોકોનાં પ્રાણ પુરે છે, જે રોજ કોઇને કોઇ મુશ્કેલીમાં જાતે મુકાતો નથી પણ તેને મુકાવું પડે છે. તેને જ બસની લાઇનમાં ધક્કા ખાવા પડે છે, ગેસની બોટલ ખલાસ થાય તે પહેલાં પ્રાણ ખલાસ થયાની અનુભૂતિ કરે છે. તેને માટે બાળકોનું શિક્ષણ એટલે જીવનનો એક માત્ર આધાર. તેમાં ગડબડ થાય એટલે જાણે મુશ્કેલ સમય શરૂ.

પશ્ચાદ ભૂમિમાં વાગતું બકરીનાં બેં-બેં જેવું સંગીત ખરેખર તો માનવમાં રહેલ અસામાજિકતાને સૂરીલી રીતે પેશ કરે છે. માણસ ખરેખર ફરીથી ગુફાવાસી અને અરણ્ય નિવાસી બની જાય તો સમસ્યાઓ હળવી બને તે નક્કી.

આજના ભારતની સમસ્યાઓનાં મૂળમાં સામાજિક શૂન્યાવકાશ છે. એક સમયે ઓટલે, ગામના ચોરે કે ગોંદરે બેસતા છગનભાઇ કે મગનભાઇને આજે કયાં બેસવું એ એક પ્રશ્ન બની ગયો છે. ઘરમાં ટીવી અને બહાર ભીડ! નવી પેઢી બાળપણથી જાણે પેઢીનાં માલિક હોય તેવો મનસૂબો રાખી વ્યવહાર રાખતા થયા છે.

કયાં રડારડ કરતી અને પોચા દિલનાં લોકોને રડાવતી એકતારા (એકતા કપૂર તારી) જેવી રડસમ સિરિયલો અને કયાં હાસ્યનાં ઝુલે ઝુલાવતી અને જીવનની ખાટી-મીઠી સુણાવતી તા.મ. ઉ. ચશ્મા. સિરિયલ. વિશ્વ ટેલિવિઝન ક્ષેત્રે જેની નોંધ લેવી જોઇએ. તેવો 'સીટકોમ' (સિચ્યુએશન કોમેડી) શો એટલે "તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા".

હાસ્ય સૌ કોઇનાં હાથની વાત નથી, પણ સૌ કોઇનાં મોઢાની વાનગી છે! હાસ્ય વિનાના માણસ ઉપર બહુ વિશ્વાસ કરવા જેવો નથી હોતો. જે હસાવતાં શીખી લે તેને લાંબો સમય દુઃખી રાખવો ઇશ્વરને પણ પાલવે નહીં, કારણ કે ઇશ્વરને હસાવનાર તો કોઇ જોઇએ ને!

અમેરિકામાં પચાસના દાયકામાં (સીટ કોમ) પરિસ્થિતિજન્ય (ફેમીલી) હાસ્યજનક ડ્રામા 'આઇ લવ લકી' દ્વારા માઇલ સ્ટોન સ્થાપિત થયેલો માનવામાં આવે છે. ત્યારબાદ ભારતમાં ૮૦ ના દસકામાં 'યે જો હૈ જિંદગી, વાગલે કી દુનિયા, શ્રીમાન શ્રીમતી' જેવા દૂરદર્શનના કોમેડી ડ્રામાએ ધૂમ મચાવી હતી. ચીનમાં તેવી જ રીતનો એક ફેમીલી શો - 'આઇ લવ માય ફેમીલી' નામે આવતો હતો.

બે પ્રકારના હાસ્ય શો ટીવી પર આવતા હોય છે એક સ્ટેંડ અપ કોમેડી જે 'લાફ્ટર ચેલેંજ' જેવા કાર્યક્રમો તેના પ્રતિનિધિ છે અને બીજા 'સીટ કોમ'. જેમાં પરિવાર અથવા ઓફીસમાં બનતી ઘટનાઓને કેન્દ્રમાં રાખીને ઘટનાઓ બનતી હોય છે. "તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા" ને નવ જેટલા નામાંકીત સમૂહો દ્વારા કુલ પચાસ જેટલા એવોડ્સ મળેલા છે. જેવા કે ઇન્ડિયન ટેલિવિઝન એકેડેમી એવોર્ડ, ઇન્ડિયન ટેલી એવોડ્ર્સ, પીપલ ચોઇસ એવોર્ડ, બીગ સ્ટાર એવોર્ડ, ઝી ગોલ્ડ એવોર્ડ, સબ કે અનોખે એવોર્ડ, ધી ગ્લોબલ ટીવી એન્ડ ફિલ્મ એવોર્ડ, ન્યુ ટેલેન્ટ એવાડ્સ. જેમાં સૌથી વધુ એવોર્ડ પ્રાપ્ત કરનાર પાત્રો છે, દિલીપ જોશી અને દિશા વાકાણી.

આ સિરિયલની સફળતાનો બીજો માપદંડ એટલે, વિવિધ પ્રસંગોએ બોલાવેલ અને ફિલ્મોના પ્રમોશન માટે આવેલ મોટી હસ્તીઓની યાદી, જે આજે પણ લંબાતી જ જાય છે. જેમાં મુખ્ય જોઇએ તો રાજુ શ્રીવાસ્તવ, સુનિલ પાલ, શરમન જોશી, ઇરફાન પઠાન, અભિષેક કપૂર, શ્રેયસ તલપડે, રોહિત શેટ્ટી, દર્શન સફારી, હેમંત ચૌહાન, અજય દેવગન - (સન ઓફ સરદાર), જોન અબ્રાહ્મ, રીશી કપૂર અને નીતુ સીંઘ વગેરે.

**અંતિમ વાક્ય :**

એક સમયે જે બાબતે આપણે ખૂબ ગંભીરત હતા, તે સમય જતાં તે બાબત આપણને હસાવવા સક્ષમ બની શકે છે. જીવનની આજ તો મજા છે.